ગુસ્સો ન કર

અબુ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે તેઓએ કહ્યું: એક વ્યક્તિ આપ صلى الله عليه وسلم પાસે
આવ્યો અને કહ્યું: મને વસિયત કરો, આપ صلى الله عليه وسلم એ કહ્યું «ગુસ્સો ન કર » તે વારંવાર પૂછતો
રહ્યો અને આપ صلى الله عليه وسلم કહેતા રહ્યા: «ગુસ્સો ન કર». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

એક સહાબી એ અલ્લાહના રસૂલ صلى الله عليه وسلم સમક્ષ આગ્રહ કર્યો કે અમને એવી વાત જણાવો જે અમને ફાયદો પહોંચાડે, આપ صلى الله عليه وسلم એ આદેશ આપ્યો કે ગુસ્સો ન કરો, અર્થાત્ તે એવા કારણોથી બચે જેના દ્વારા ગુસ્સો આવતો હોય અને જ્યારે ગુસ્સો આવી જાય તો પોતાના ઉપર નિયંત્રણ રાખે, એવી ન થાય કે તેશમાં આવી કોઇની હત્યા કરી નાખે, મારી ડે અથવા ગાળો આપવા લાગે. તે સહાબી એ વસિયત કરવાની વિનંતી કરી અને વારંવાર કરતો રહ્યો, પરંતુ દરેક વખતે નબી صلى الله عليه وسلم એ એક જ જવાબ આપ્યો કે "ગુસ્સો ન કરો".

https://sunnah.global/hadeeth/gu/show/4709